# ''નમો કુર્તા'' બાદ હવે ''નમો ટોપી'' બનશે ભાજપની બ્રાન્ડ આઈકોન

## રોડ શો માં નરેન્દ્ર મોદીએ પહેરેલી કેસરી ટોપી ''ટોક ઓફ ધ ટાઉન'' બની : કોંગ્રેસની ગાંધી ટોપી અને 'આપ'ની ઝાડુવાળી ટોપી સામે ભાજપની ભગવા ટોપી હિન્દુત્વનો સંદેશ આપશે

ગાંધીનગર, તા. ૧૧

ઉત્તરપ્રદેશ સહિત ચાર રાજ્યોની ચૂંટણીમાં ભાજપની જીતનો ઉત્સવ ગુજરાતમાં ઉજવાયો હોય તેવો ભવ્ય રોડ શો અમદાવાદ-ગાંધીનગરના માર્ગો પર જોવા મળ્યો હતો. નરેન્દ્ર મોદી એવા રાજનેતા છે જે પોતાની બોડી લેન્ગ્વેજ અને પહેરવેશ દ્વારા વગર એક શબ્દ બોલે અનેક સંદેશા આપી દેતા હોય છે. આ રોડ શો માં પણ એવી જ વાત જોવા મળી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેરેલી કેસરી ટોપીએ સૌથી વધુ આકર્ષણ જગાવ્યું હતું અને દિવસભર આ ટોપીની ચર્ચા ''ટોક ઓફ ધ ટાઉન'' બનવા પામી છે. ભાજપના કેસરિયા ખેસને બદલે આ વખતે નવી ડિઝાઈનવાળી કેસરી રંગની ટોપી મોદી સહિત તમામ નેતાઓના માથે જોવા મળી હતી. મૂળભૂત રીતે ગાંધી ટોપીના નામથી જાણીતી આ પ્રકારની સફેદ ટોપી સ્વાતંત્ર્ય ચળવળનો મુખ્ય હિસ્સો બની હતી જેને આઝાદી બાદ જનસંઘ દ્વારા ભગવા રંગમાં બનાવીને પહેરવામાં આવી હતી.





ભાજપના અંતરંગ વર્તુળમાંથી જાણવા મળ્યું કે સી.આર. પાટીલ દ્વારા ડિઝાઈન કરવામાં આવી રહી છે તેવું કહેવાઈ રહ્યું છે. જો કે આ ટોપીનો ઈતિહાસ ભારતની આઝાદી પહેલાનો છે જે ભારતીય સંસ્કૃતિને વ્યક્ત કરે છે. કેસરી ટોપી પર એમ્બ્રોઈડરી વર્કથી ભાજપ લખવામાં આવ્યુ છે. ટોપી પર લીલો અને સફેદ રંગ પણ છે, જે દેશના રાષ્ટ્રધ્વજ ત્રિરંગાને અને ભાજપના ઝંડાની પણ પ્રતિતિ કરાવે છે. આ કેસરી ટોપી પર કમળનું ચિહ્ન પણ લગાવવામાં આવ્યુ છે. અત્યાર સુધી તમામ કાર્યકર્તાઓ ખેસ પહેરતા જોવા મળતા હતા. પરંતુ પહેલીવાર એક કેસરી ટોપીએ આકર્ષણ જમાવ્યુ.

પીએમ મોદીના રોડ શો માં તેમણે પહેરેલી ટોપી સૌથી વધુ ચર્ચાઈ રહી છે. આ કેસરી કલરની ટોપીમાં ભાજપ લખેલું છે. વર્ષો અગાઉ જનસંઘ વખતે આવી ટોપી પહેરવામાં આવતી હતી જેનું સ્થાન કાળક્રમે કેસરિયાં ખેસે લઈ લીધું હતું. હવે ફરી આ પ્રકારની ટોપી પરત લાવીને નરેન્દ્ર મોદીએ ભાજપને આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ માટે તૈયાર થવાનો સંકેત આપવા સાથે ચૂંટણી સુધીના ભાજપના દરેક નેતાઓ અને કાર્યકરો હવે તમામ કાર્યક્રમમાં આ ટોપી પહેરશે જે કોંગ્રેસની ગાંધી ટોપી અને આમ આદમી પાર્ટીની ઝાડુંના નિશાનવાળી ટોપી સામે મતદારોને હિન્દુત્વનો સંકેત આપશે.

આ પ્રકારની ટોપીનો ઈતિહાસ ખુબ જ રસપ્રદ છે. એક સમયે ભારતના પહેરવેશમાં જનસામાન્ય હતી તેવી આ પ્રકારની સફેદ ટોપી સ્વાતંત્ર્ય સેનાની સુભાષચંદ્ર બોઝથી અને પ્રથમ વડાપ્રધાન જવાહરલાલા નેહરુથી માંડીને ગુજરાતમાં મૂકસેવક રવિશંકર મહારાજ સુધીના અનેક રાજનેતાઓ પહેરી ચુક્યાં છે. જો કે આ ટોપીને ગાંધીજીએ પહેર્યા બાદ ગાંધી ટોપી તરીકે ઓળખ મળી હતી અને તે સાથે કોંગ્રેસના સેવાદળના પહેરવેશમાં સામેલ કરવામાં આવી હતી. આ પછી લગભગ ભુલાઈ જવાને આરે પંહોચેલી ગાંધી ટોપીને ૨૦૧૧માં અન્ના હજારેના આંદોલનથી નવજીવન મળ્યું હતું અને આ આંદોલનમાંથી બનેલા રાજકીય પક્ષ આમ આદમી પાર્ટીએ ઝાડુના નિશાન સાથે અપનાવી પાર્ટીની ઓળખ બનાવી છે, હવે આ નવી કેસરી ''નમો ટોપી'' જેનો જવાબ બનાવવા પ્રયાસ કરાશે.





માતૃપ્રેમ - ચાર રાજ્યોની ચૂંટણીમાં સફળતા મેળવ્યા પછી ગુજરાતની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાના વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ પોતાની માતા હિરાબાને મળવા પહોંચી ગયા હતા. હિરાબાના આશીર્વાદ મેળવ્યા બાદ હિરાબાના આગ્રહથી મા-દીકરાએ સાથે ભોજન લીધું હતું... ભોજન બાદ હિરાબા સાથે પ્રધાનમંત્રીએ અનેક સ્મરણો વાગોળ્યા હતા....

## ખેતી કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિનિધિત્વ કરી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, આટલી મોટી મહામારી, આખી દુનિયાને ચિંતામાં મુકી દીધી એ કોરોનાને ગામડામાં પહોંચતા મોઢામાં ફીણ આવી ગયા. કોરોનાના કાળખંડમાં અદભૂત વ્યવસ્થા વિકસાવી અને ગામડામાં મહામારીને પ્રવેશતી રોકી રાખવામાં ખૂબ કામ કર્યું. લોક તંત્રના મૂળ મજબૂત કરતા પંચાયતી રાજના બંધુ ભગિનિને આદર પૂર્વક નમસ્કાર. અહીં આવીને પંચાયતથી પાર્લામેન્ટના દર્શન થયા. આ બાપુની ધરતી છે, આ સરદાર વલ્લભભાઈ પટેલની ધરતી છે. બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસની વાત, આત્મનિર્ભર ગામની વાત, સશક્ત અને સમર્થ ગામની વાત સદા અને સર્વદા કહી છે, એટલે જ્યારે આઝાદીના અમૃતકાળમાં છીએ ત્યારે પૂજ્ય બાપુના સપના માટે આપણે પ્રતિબદ્ધ છીએ. ગ્રામીણ વિકાસ બાપુનું સૌથી પ્રમુખ સપનું હતું. લોકતંત્રની શક્તિ પણ ગ્રામ તંત્રમાં જોતા હતા.

દરમિયાનમાં મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, ગુજરાત માટે આજનો દિવસ અવસરથી ઓછો નથી. ગ્રામ પંચાયતોને જાહેર વહીવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ઈતિહાસ રહ્યો છે. મહાત્મા ગાંધીએ ગામડાઓને સક્ષમ બનાવવા પ્રેરણા આપી હતી. વડાપ્રધાને ગામડાઓની ગ્રાન્ટમાં ધરખમ વધારો કર્યો છે. હું સરપંચો વતી તમારો આભાર વ્યક્ત કરૂં છું. હાલમાં ઈ-ગ્રામ પંચાયત કેન્દ્રો પરથી ૫૬ જેટલી સેવાઓ આપવામાં આવી રહી છે. આવકના દાખલા હવે ત્રણ વર્ષ માટે માન્ય ગણવાનો નિર્ણય લેવાયો છે.


### જાહેરાત

ગુજરાત સરકારના ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર યોજના માટે (૧) શૈક્ષણિક (૨) ઔદ્યોગિક (૩) સંસ્થાકીય (૪) વ્યક્તિગત (૫) ઈનોવેશન/ઈનોવેટીવ પ્રોજેક્ટ (૬) રિસર્ચ પ્રોજેક્ટ (૭) ક્લાઈમેટ ચેન્જ ઈમ્પેક્ટ સ્ટડી (૮) જનજાગૃતિ (૯) સ્ટાર્ટ-અપ એકમો અને (૧૦) મહિલા સાહસિકો એમ દસ કેટેગરીમાં આવેદનો મંગાવવામાં આવે છે.

યોજનાના આવેદનપત્રક અને યોજનાકીય વિગતો ક્લાઈમેટ ચેન્જ વિભાગની વેબસાઈટ ષ્ઠષ્ઠઙ્ગ.ય્ેદ્ઘટ્ઠિં.ય્ર્દૃ.ૈહ તેમજ જેડાની વેબસાઈટ ુ.ય્ીઙ્ઘટ્ઠ.ય્ેદ્ઘટ્ઠિં.ય્ર્દૃ.ૈહ પરથી ડાઉનલોડ કરી શકાશે. જેડા ખાતે આવેદનપત્ર મળવાની છેલ્લી તારીખ : ૨૪-૩-૨૦૨૨ છે. આવેદનકર્તાએ આવેદનપત્રક તેમજ તેને સુસંગત પૂરાવા અને દાવાની તમામ સંલગ્ન વિગતો માત્ર રજી.પોસ્ટ, રજી. સ્પીડ પોસ્ટ દ્વારા અથવા કચેરી સમય દરમિયાન રૂબરૂ નીચેના સરનામે તા. ૨૫-૩-૨૦૨૨ના રોજ સાંજે ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. અન્ય કોઈ માધ્યમથી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. આવેદનો તેની સાથેના બિડાણો સહિત યોગ્ય સાઈઝના સીલબંધ કવરમાં કવર પર 'ક્લાઈમેટ ચેન્જ અંગે નોંધપાત્ર કામગીરી બદલ પુરસ્કાર માટેનું આવેદન' સ્પષ્ટ દર્શાવીને રજૂ કરવાના રહેશે.

GEDA

સરનામું : નિયામકશ્રી
**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)**
બ્લોક નં. ૧૧-૧૨ ઉદ્યોભગવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૯૨૦૧૧ ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૩

માહિતી/૩૩૯૨/૨૧-૨૨



૨૦મી વાર્ષિક પુણ્યતિથિએ

## હૃદયાંજલિ



**સ્વ. લક્ષ્મીબા**

● સ્વ. ૧૨-૦૩-૨૦૦૨ ●

આપને વિદેહ થયાને આજે ૨૦ વર્ષ પૂર્ણ થઇ ગયા !
મન માનતું નથી, હૃદય સ્વીકારતું નથી !
આપ અમારી સાથે નથી તોય એવું અનુભવાય છે કે તમે અમારી સાથે, અમારી વચ્ચે અને અમારા હૃદયમાં છો.

આપને સ્મિતસભર ચહેરો અને મમતાસભર આંખો અમે કદી વીસરવાના નથી.

આશિષ
આપની મળતી હરપળે,
ભાવના ભીતરની ફરતી હરપળે

રાજેશ પંચોલી
સેક્ટર-૨૪, ગાંધીનગર



# હાર્દિક શુભકામનાઓ

પાટનગરનું પ્રથમ દૈનિક

## ગાંધીનગર સમાચાર

૩૬ વર્ષની સમાચાર યાત્રા પૂર્ણ કરી
**૩૭માં વર્ષમાં પ્રવેશ કરે છે**
ત્યારે
અંતરના ઉમળકાથી
હૃદયપૂર્વક શુભકામના પાઠવીએ છીએ...

જય અમીન
જીત ત્રિવેદી
વિનોદ ભાવસાર
જીતેન્દ્ર પટેલ

મેહુલ જોષી
નરેશ ભરવાડ
સમીર પટેલ